सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ: ૧૮ ઓગસ્ટ ૧૯૯૭ અંક: ૧

## વાલીઓને......

### ટયૂશન પ્રથા અંગે.....

' શારદ'માં આ અગાઉ ટયૂશનના અતિરેક વિશે વાલીઓને બે-ચાર વાર સચેત કરવામાં આવ્યા હતા. આમ છતાં આચારસંહિતામાં જ ટયૂશન કરવા માટે મર્યાદિત પ્રમાણમાં છૂટ અપાઈ હોવાથી તેનો ગેરલાભ લઈને વિવેકહીન પ્રમાણમાં તેમજ વિવેકહીન આચરણ કરીને ટયૂશન કરવામાં આવતાં હોવા છતાં તેની સામે અસરકારક નિયંત્રણ મૂકવું શક્ય નહોતું.

હવે સરકારશ્રીએ માધ્યમિક તેમ જ ઉચ્ચતર માધ્યમિક સ્ટાફ ધ્વારા મહેનતાણું લઈને કે મહેનતાણું લીધા સિવાય પણ ખાનગી ટયૂશન ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકયો છે. એટલે કે એકપણ ટયૂશન ન થઈ શકે તેવું નિયંત્રણ મૂકવામાં આવ્યું છે.

આ જોગવાઈના અમલ માટે કડક શિક્ષાની પણ જોગવાઈ કરવામાં આવી છે તે તરફ સૌ વાલીઓનું ધ્યાન દોરું છું.

ટયૂશનપ્રથાની શરૂઆતના મૂળમાં નબળા વિદ્યાર્થીને વધારાનો સમય આપીને સક્ષમ કરવાનો, તેમ જ સક્ષમ વિદ્યાર્થીની શકિતઓ બહાર આવે તેવા પ્રયત્નો કરવાનો હતો પરંતુ જેમને જરૂર હોય કે ન હોય તે જોયા વિના અને આર્થિકસ્થિતિને નજરમાં રાખીને અયોગ્ય માર્ગો દ્વારા ટયૂશનો ' ઉભા ' કરવાની વૃત્તિ વિકાસ પામી અને વાલીઓ પણ આવા દબાણોને વશ થતા ગયા; જેને પરિણામે સરકારે આ પ્રથા સામે કરડી આંખ કરી છે. આમ છતાં જેમને વધારાના માર્ગદર્શનની જરૂર હોય તેના ઉપાયો પણ વિચારવાની જરૂરીયાત તો ઉભી થઈ છે.

સૌ વાલીઓનું ધ્યાન સરકારશ્રીએ જાહેર કરેલા અંકુશો તરફ ગંભીરતાપૂર્વક દોરૂં છું અને સંસ્થા પણ આ બાબતમાં ગંભીરતાથી તેનો અમલ કરવાનો અભિગમ ધરાવે છે. તેમાં સહકાર ન આપનાર વાલીના પાલ્યનું નામ શાળામાંથી રદ કરવાની શિક્ષા કરવાનું અમારે માટે ફરજીઆત ન બને તેવું હું ઈચ્છું છું.

ટયૂશનપ્રથાના દૂષણો દૂર કરીને વિદ્યાર્થીનો અભ્યાસ સુધારવા માટેના વાલીઓના સૂચનોને આવકારતાં આનંદ થશે.

ઈન્દુભાઈ દવેના
વંદન

## બાળકનું હિત શામાં ?

"બેન ! મારી પૂજા ચાર દિવસથી શાંતિથી ઊંઘતી નથી...ઊંઘમાંથી ઝબકીને જાગી જાય છે ને` પ્રિયંકા પ્રિયંકા 'કરીને બૂમો પાડે છે. તમે ગમે તેમ થાય તેને વર્ગ બદલાવી આપો...એ આ વર્ગમાં બહુ જ એકલી પડી ગઈ છે..." પૂજાનાં મમ્મીએ ખૂબ વિહ્વળ બની રજૂઆત કરી.

પૂજા ગયા વર્ષે બાલમંદિરમાં દાખલ થઈ હતી..એ વર્ષ દરમ્યાન પ્રિયંકા તેની સાથે હતી... પણ વેકેશન પછી શાળા નવા સત્રમાં ખૂલે એટલે પાછી ટુકડીઓ નવેસરથી ગોઠવાય ને તેમાં પ્રિયંકા ને પૂજા છૂટા પડયાં હતાં... પણ પ્રિયંકાને બદલે એની ટુકડીમાં બીજાં ઘણાં બાળકો હતાં એ સાવ એકલી તો ન જ હતી...બે દિવસ બધાં સાથે હળેમળે ને રમે એટલે પાછી નવી દોસ્તી બંધાઈ જાય...બાળક એને માટે એટલું આતુર કે વ્યથિત હોતું જ નથી. પ્રશ્ન બાળકનો નથી હોતો, માબાપનો હોય છે...

માબાપ બાળક માટે એટલા બધાં ચિંતિત હોય છે કે આવી બાબતો બાળક કરતાં માબાપને વધુ સતાવે છે...બાળક માટે તો આ બધું બહુ જ સાહજીક હોય છે, પણ માબાપ વધુ પડતી ચિંતા કરી બાળકનાં મગજમાં કેટલાંક પૂર્વગ્રહો ઊભા કરે છે. બાળકને બાળમંદિરમાં ઔપચારિક શિક્ષણ માટે નહીં પણ સામાજીકરણ માટે જ મોકલવામાં આવે છે,એ બધાં સાથે સાહજીક રીતે હળે, મળે ને રમતું થાય, તેનામાં આત્મવિશ્વાસ કેળવાય એ મહત્વનું છે તેને બદલે ચિંતિત માબાપ તેને વધુ પડતું રક્ષણ આપી તેના વ્યકિતત્વનાં વિકાસમાં અવરોધ બની ઊભા રહી જાય છે. આવું શામાટે ? બાળક તો જ્યાં હોય ત્યાં ગોઠવાઈ જાય છે.

બીજા ધોરણમાં ભણતી શૈલી આચાર્યની ઓફિસમાં આવી" બેન આવું ?" ...." શું હતું દિકરા ? "

" બેન મને કલાસ બદલાવી આપોને !"

" કેમ ? શું થયું ?"

"મારી બધી જ બેનપણીઓ બીજા વર્ગમાં છે મને આ વર્ગમાં નથી ગમતું... હું એકલી પડી ગઈ છું..."

"પણ બેટા ! વર્ગમાં તો ભણવાનું જ હોય ને ! વર્ગમાં બેનપણી ન હોય તો તું વધુ સારુ ભણી શકશે ને હોંશિયાર બનીશ. રીસેસમાં બેનપણીઓને મળજે... આમાં કયાં વાંધો છે ? "

નાનકડી શૈલીને જયશ્રીબેન સમજાવી રહ્યાં હતાં ત્યાં તો તેણે જયશ્રીબેનને કહ્યું " બેન ! આવું શું કરો છો ? મને કલાસ બદલાવી આપો તો ચોકલેટ આપીશ." ને જયશ્રીબેન હસી પડયાં.. નાદાન અને નિર્દોષ બાળકની કેવી સાહજીકતા !

પણ બાળક આ બધું શીખે છે કયાંથી ? બાળક આપણે કહીએ તેમ નહીં પણ કરીએ તેમ કરે છે... આપણા વર્તનનું અવલોકન તે સૂક્ષ્મપણે નિરંતર કરતું જ રહે છે, ને એમ જ તેનું ઘડતર થાય છે. ચોકલેટ કે બીજા કોઈ બદલાની લાલચ આપી આપણે બાળક પાસે કામ તો કઢાવીએ છીએ પણ એ જ બાળક પછી આપણી પાસે કામ કઢાવવા આપણને પણ લાલચ આપતું થઈ જાય છે. બાળકના વિકાસમાં કેટકેટલી જાગૃતિ જરૂરી છે ?

બાળકને નવા નવા વાતાવરણમાં છૂટું મૂકી દો.. એની વધુ પડતી ચિંતા ન કરો.. બાળકમાં અનુકૂળ થવાની અગાધ શક્તિ પડેલી છે.

આજે કદાચ તમે તેને રક્ષણ આપશો ને વર્ગ બદલાવશો, પણ શિક્ષણકાળ દરમ્યાન તો આવા ફેરફાર સતત થતાં જ રહેવાનાં.. તમે એને કયાં સુધી, કેટલું રક્ષણ આપશો ? નવા વાતાવરણથી ભાગવાને બદલે નવા વાતાવરણમાં Positively ભળતાં તેને શીખવવું.. તેનામાં સ્વીકાર્યતાનો ગુણ કેળવવો એ જ સામાજીકરણનું મહત્વનું પરિબળ છે... માબાપ તરીકે લાગણીવશ બની તેનો વિકાસ રૂંધવાને બદલે તેનાં હિતચિંતક બનીએ તો !!!

ઊર્મિલા શાહ.

## ખાલી ડબ્બો

પહેલા ધોરણની એક વિદ્યાર્થિની રડતી રડતી ઓફિસમાં આવી.. " બેન ! મારી પાસે નાસ્તો નથી..." તેની પાસે નાસ્તાનો ડબ્બો તો હતો પણ તે ખાલી હતો. કેવો વિચિત્ર અનુભવ ! શું વાલી પાસે આને માટે પણ સમય નથી ? બાળક સુસજ્જ રીતે શાળાએ આવે એ જોવાની વાલીની ફરજ છે અને તે માટે તેમણે સમય ફાળવવો જ રહ્યો. માબાપ એમાં કયારેક પાછાં પડે છે એવા અનુભવ અમને અવારનવાર થાય છે. બાળકનાં નાસ્તાનાં ડબ્બામાં મંકોડા હોય કે વોટરબેગમાં વંદી હોય એ જોઈને આશ્ચર્ય અને દુઃખ થાય છે. આવું બને ત્યારે એ બાળક નિઃસહાય અને લાચાર બની જાય છે. " બાળક એ ઈશ્વરે માણસમાં મૂકેલો વિશ્વાસ છે. " કાકા કાલેલકર.-

### ભણતર કે ઘડતર

આપણા કોશમાંથી ' ભણાવવું ' શબ્દ કાઢી નાંખવો જોઈએ. આપણે તો બાળકોને ' કેળવવાં ' છે. કવિતા, ગણિત, ઈતિહાસ વગેરે વિષયો ભણાવી શકાય. આજકાલ માબાપ છોકરાંને ભણાવીને ધન્યતા અનુભવતાં થઈ ગયાં છે.

કેળવણી એટલે બાળકમાં રહેલી સારી શકિતને ઉંમરના પ્રમાણમાં પ્રગટ થવા દેવાની અનુકૂળતા કરી આપવી તે. ગુલાબના છોડને ખાતર-પાણી દઈએ, નીંદામણ કરીએ, બાકી ગુલાબ એની મેળે ઊગશે. ઉગાડવાની ચિંતા આપણે નથી કરવાની, એની ભીતર બધું પડયું જ છે, આપણે તો ખાલી બાહ્ય મદદ જ કરવાની છે.

બાળકો ગુલીવર છે અને આપણે સૌ મોટા કદના રાક્ષસો ! આપણે આપણા ઢાંચામાં તેમનાં બીબાં ઢાળીએ છીએ. પણ જીવનનો પોતાનો એક લય છે. બાળકમાં એ લયને એની મેળે લહેરાવા દો. બધું આપમેળે સુંદર સર્જાશે.

-મનુભાઈ પંચોળી ( દર્શક )

પરીક્ષામાં ઊત્તીર્ણ થવું, ઉપાધિ મેળવવી, નોકરી પ્રાપ્ત કરવી, જીવનમાં સ્થિર થવું એટલું જ માત્ર શિક્ષણ નથી. પક્ષીઓને સાંભળવા શકિતમાન થવું, આકાશને નિહાળવું, વૃક્ષની અસાધારણ શોભાનાં અને ટેકરીઓના આકારનાં દર્શન કરવાં અને તેમને અનુભવવાં, તેમનાં સાચેસાચા અને સીધા સંપર્કમાં આવવું તે શિક્ષણ છે.

બાળકમાં સર્વોચ્ચ પ્રકારની સંવેદનશીલતા હોય એ ગુણતત્વ આપણે ઈચ્છીએ છીએ. સંવેદનશીલતા એ બુધ્ધિ છે, તે પુસ્તકોમાંથી આવતી નથી. તમે ગણિતશાસ્ત્ર શીખવામાં ચાલીસ વર્ષો વિતાવો, પણ જો પેલાં પુષ્પોને , પેલા ભૂરા આકાશને જોઈ ન શકો તો તમે મૃત છો. જો તમે સંવેદનશીલ બુધ્ધિનો સર્વોચ્ચ ગુણ ધરાવતા સંવેદનશીલ હો તો તમે પેલાં પુષ્પોને પણ જોઈ શકો અને ગણિતશાસ્ત્ર પણ શીખી શકો. જો બુધ્ધિની સક્રિયતા હશે તો તે બંને ક્ષેત્રોને આવરી લેશે....

જ્ઞાન એટલે સંગ્રહ, તારણ, સૂત્રો; પણ શીખવું એટલે તો સતત ગતિ, કેન્દ્ર વગરની ગતિ, આરંભ કે અંત વગરની ગતિ છે. શીખવું એ ઉચ્ચ સ્વરૂપની શિસ્ત છે. તે બુધ્ધિ અને સંવેદનશીલતા માગે છે.

જે. કૃષ્ણમૂર્તિ

સંકલન

## સંસ્થાકીય સમાચાર

### બાલમંદિર

રજાઓમાં આનંદ માણી સૌ બાળકો હસતાં રમતાં બાલમંદિરનાં પ્રેમભર્યાં અને મુકત વાતાવરણમાં ઓતપ્રોત થવા માંડયા છે. નવાં આવેલાં બાળકો પણ હવે બાલમંદિરની પ્રવૃત્તિઓમાં અને વાતાવરણમાં સરસ ગોઠવાઈ ગયા છે.

ગૌરીવ્રતનું પર્વ નાની બાળાઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ઉજવ્યું. જ્વારા વાવી , તેની પૂજા કરી , માથે જ્વારા લઈ બાળાઓ ` ગોરમાનો વર કેસરિયો ' આનંદભેર ગરબે ઘૂમી ગાવા લાગી. રંગબેરંગી ચણીયાચોળીમાં સુસજ્જ એ બાળાઓમાં અદમ્ય ઉત્સાહ વરતાતો હતો.

તા. ૫ મી તથા ૧૨ મી જુલાઈએ બાલમંદિર અને તાલીમનાં બાળકોએ મીની ઝૂ ની મુલાકાત લીધી. બાળકોને પ્રાણીઓ અને આવું નૈસર્ગિક વાતાવરણ ખૂબ ગમે છે.

હવે તાલીમનાં બાળકો સંસ્થાનાં સ્થાપનાદિનની ઉજવણીની તૈયારીમાં લાગી ગયાં છે.

વાલીઓને નમ્ર વિનંતી કે આપના બાળકને બાલમંદિરમાં સમયસર આવવાની ટેવ અત્યારથી જ પાડવી. શાળાનાં સમય કરતાં તેમને વહેલાં ન જ મૂકી જવાં. શાળાનો સમય ૧૦-૫૦ થી ૩-૩૦ નો છે તેથી સમયસર મૂકી જવા અને લઈ જવાની વ્યવસ્થા કરવી.

તમારા બાળક અંગે કોઈ પ્રશ્ન હોય તો તે અંગે ઓફિસમાંથી મુલાકાતનો સમય અગાઉથી લેવો. ઓફિસમાં પહેલાં મળ્યાં પછી જ શિક્ષકને મળવું. શિક્ષકને મળવા માટેનો સમય શુક્રવારે ૩-૩૦ થી ૪-૦૦ નો છે, તેની નોંધ લેશો.

### શિશુમંદિર

**ચૂંટણી :** તા. ૨૧-૬-૯૭ના રોજ મહામંત્રી ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ. જેમાં નીચે પ્રમાણે વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાયેલા જાહેર થયાં.

| | | |
|---|---|---|
| મહામંત્રી | ( ભાઈઓ ) | શર્વિલ ટંકશાળી |
| | ( બહેનો ) | રવિજા દવે |
| ઉપમંત્રી | ( ભાઈઓ ) | હર્ષ પરીખ |
| | ( બહેનો ) | દેવાંગી મુન્શી |

ઈતર પ્રવૃત્તિને અનુલક્ષીને આંતરગૃહોના નેતા ઉપનેતાની પસંદગી નીચે મુજબ કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| રત્નદીપ | ( ભાઈઓ ) | નેતા | તપન ભગત |
| | | ઉપનેતા | વર્ષિલ પરીખ |
| | ( બહેનો ) | નેતા | શેમોલી મહેતા |
| | | ઉપનેતા | સોનમ શાહ |
| મેઘનાદ | ( ભાઈઓ ) | નેતા | મહર્ષિ ત્રિવેદી |
| | | ઉપનેતા | પૂજન ગોરજી |
| | ( બહેનો ) | નેતા | કૃપા વ્યાસ |
| | | ઉપનેતા | હિરલ મહેતા |
| ધવલગિરિ | ( ભાઈઓ ) | નેતા | રીષિત ભટ્ટ |
| | | ઉપનેતા | સોહમ શાહ |
| | ( બહેનો ) | નેતા | ખુશાલી શાહ |
| | | ઉપનેતા | માનસી સ્માર્ટ |
| ગંગોત્રી | ( ભાઈઓ ) | નેતા | નિરવ પારેખ |
| | | ઉપનેતા | રિશિ મહેતા |
| | ( બહેનો ) | નેતા | હિમાદ્રી શુક્લ |
| | | ઉપનેતા | સાવની દિવેટીયા |

## આંતરગૃહ સ્પર્ધાઓ

**રથયાત્રા પ્રસાદ થાળી ડેકોરેશન** ૭-૭-૯૭

| | | |
|---|---|---|
| પ્રથમ | વર્ષિલ પરીખ | ( રત્નદીપ ) |
| દ્વિતીય | કુલીન ચોકસી | ( ધવલગિરિ ) |
| | રાજન શાહ | ( ગંગોત્રી ) |
| તૃતીય | રીષિત ભટ્ટ | ( ધવલગિરિ ) |
| | વિશ્રુત ભટ્ટ | ( રત્નદીપ ) |

**બહેનો - ફૂલના ગજરા બનાવવાની સ્પર્ધા** ૭-૭-૯૭

| | | |
|---|---|---|
| પ્રથમ | શેમોલી મહેતા | ( રત્નદીપ ) |
| દ્વિતીય | કૃપા શાહ | ( રત્નદીપ ) |
| | માનસી ગજ્જર | ( ધવલગિરિ ) |
| તૃતીય | આનલ શાહ | ( મેઘનાદ ) |

**મહેંદી સ્પર્ધા** ૨૨-૭-૯૭

| | | |
|---|---|---|
| પ્રથમ | સંગીની શાહ | ( મેઘનાદ ) |
| દ્વિતીય | હિરલ મહેતા | ( મેઘનાદ ) |
| | માનસી સોલંકી | ( ગંગોત્રી ) |
| તૃતીય | મીનુ જોષી | ( ધવલગિરિ ) |
| | ખુશાલી શાહ | ( ધવલગિરિ ) |

નિર્ણાયક તરીકે ભૂતપૂર્વ વિદ્યાર્થિની બેન ગાયત્રી પટેલે સેવા આપી.

તા. ૧૯-૭-૯૭ ના રોજ ગૌરીવ્રત નિમિત્તે કાર્યક્રમ યોજાયો. જેમાં વિવિધ ગૃહો તરફથી ગરબા રજૂ થયાં. બહેનોએ રંગબેરંગી અને સુંદર ચણિયાચોળી ને ઓઢણીમાં સુસજ્જ થઈ વિવિધ પ્રકારના ગરબા રજૂ કર્યાં.

તા.૨૧-૭-૯૭ નાં રોજ ' ગુરુપૂર્ણિમા ' નિમિત્તે વિવિધ નાટકો રજૂ થયાં. વિદ્યાર્થીઓને ' ગુરુપૂર્ણિમા'નું માહાત્મ્ય સમજાવવામાં આવ્યું. ત્યારબાદ કૃષ્ણ - સુદામાની ગુરુભક્તિ, એકલવ્ય, આરુણિ, કર્ણ વિગેરે નાટકો બાળકોએ ભાવવાહી અભિનય સાથે રજૂ કર્યાં.

## વિનયમંદિર

**પરિણામ :** માર્ચ ૧૯૯૭ માં લેવાયેલ એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું શાળાનું પરિણામ ૮૯% આવ્યું છે.

એચ.એસ.સી. સામાન્ય પ્રવાહનું શાળાનું પરિણામ ૧૦૦% આવ્યું છે.

ન્યુ.એસ.એસ.સી. પરીક્ષાનું શાળાનું પરિણામ ૯૭.૨૨% આવ્યું છે.

શાળામાંથી નીચે પ્રમાણે વિદ્યાર્થી ભાઈ બહેનોને ઈનામ મળે છે તે માટે તેમને ધન્યવાદ.

૧. ન્યુ.એસ.એસ.સી. માં શાળામાં પ્રથમ આવનાર શાહ વૈશલ અજયભાઈને સ્વ.કલ્યાણભાઈ ગાંધીના સ્મરણાર્થે ઈનામ રૂ.૧૨૫/-

૨. એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર શાહ અનુજ રાજુભાઈને સ્વ. પન્નાબેન ગાંધીનાં સ્મરણાર્થે ઈનામ રૂ.૧૨૫/-

૩. એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર શાહ નીકી નિતીનભાઈ તથા રાજા પીંકી અંજનભાઈન સ્વ. પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે ઈનામ રૂ. ૧૨૫ /- વહેંચાય છે.

૪. ન્યુ.એસ.એસ.સી., એચ.એસ.સી. વિજ્ઞાનપ્રવાહ તથા સામાન્ય પ્રવાહની પરીક્ષાઓમાં શાળામાં બહેનોમાં પ્રથમ આવનાર નીચેની વિદ્યાર્થિની બહેનો:

(૧) મુન્શી પ્રિયાંગી ( ન્યુ.એસ.એસ.સી. ) રૂ.૧૦૧/-

(૨) મહેતા હેલી ( એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ )રૂ.૧૦૧/-

(૩) શાહ નીકી, રાજા પીંકી ( એચ.એસ.સી. સામાન્ય પ્રવાહ) ને સ્વ. તનુલત્તાબેન પટેલનાં સ્મરણાર્થે રૂ. ૧૦૧ નું ઈનામ વહેંચાય છે.

૫. ન્યુ.એસ.એસ.સી. માં સંસ્કૃત વિષયમાં પ્રથમ આવનાર શાહ વૈશલ ને સ્વ. વલ્લભરામ વૈદ્યના સ્મરણાર્થે પ્રથમ ઈનામ રૂ.૧૨૫- અને દ્વિતીય આવનાર દલાલ તપન અને શાહ વિદીતા ને રૂ. ૧૦૧/- નું ઈનામ વહેંચાય છે.

૬. સ્વ. પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં બીઝનેસ એડમિનિસ્ટ્રેશનના વિષયમાં પ્રથમ આવનાર શાહ નિકી નીતીનભાઈ ને રૂ. ૧૨૫/- તથા શાહ નિલય યોગેશભાઈને દ્વિતીય ઈનામ રૂ. ૧૦૧/- .

૭. ન્યુ. એસ.એસ.સી. માં ગણિત અને વિજ્ઞાનમાં કુલ માર્કસમાં શાળામાં સૌથી વધુ ગુણ મેળવનાર શાહ વૈશલ અજયભાઈ અને દાણી હરિન કિરીટભાઈને સ્વ.પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈના સ્મરણાર્થે રૂ.૧૦૧/- નું ઈનામ વહેંચાય છે.

૮. ન્યુ.એસ.એસ.સી. માં અંગ્રેજી વિષયમાં શાળામાં સૌથી વધુ ગુણ મેળવનાર શાહ ચિરાયુ અને મુન્શી પ્રિયાંગીને સ્વ.પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈના સ્મરણાર્થે ઈનામ રૂ.૧૦૧-નું વહેંચાય છે.

૯. એચ.એસ.સી. વિજ્ઞાનપ્રવાહમાં ઈજનેરી અને મેડીકલ માટેનાં મેરીટ લીસ્ટમા શાળામાં સૌથી પ્રથમ આવનાર ઠાકરસી મલય મહેન્દ્રભાઈને સ્વ. પ્રમોદાબેન હિરાભાઈ દેસાઈના સ્મરણાર્થે ઈનામ રૂ. ૧૦૧/-.

૧૦. લલિતકલા ક્ષેત્રે આગવી સિધ્ધિ હાંસલ કરવા બદલ પૂ. કાશીબેન વલ્લભરામમ વૈદ્ય તરફથી કુ.હરીતા શાહને પ્રથમ ઈનામ રૂ.૧૨૫/- અને કુ.હેલી સોમાણીને બીજું ઈનામ રૂ.૧૦૧/-.

**સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.**

**ચૂંટણી :** તા. ૩-૭-૯૭ ના રોજ મહામંત્રી ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ જેનું પરિણામ નીચે મુજબ આવ્યું.

| | | |
|---|---|---|
| મહામંત્રી | ( ભાઈઓ ) | રેવત લાખિયા |
| | ( બહેનો ) | શિવાની ત્રિવેદી |
| ઉપમંત્રી | ( ભાઈઓ ) | કૌશલ સોપારકર |
| | | તપન દવે |
| | ( બહેનો ) | કોષા છત્રપતિ |

ઈતર પ્રવૃત્તિને અનુલક્ષીને આંતરગૃહોના નેતા ઉપનેતાની પસંદગી નીચે મુજબ કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| મેઘદૂત | ( ભાઈઓ ) | નેતા | વૈભવ પુરાણી |
| | | ઉપનેતા | પાર્થિવ પરીખ |
| | ( બહેનો ) | નેતા | લિપિ શાહ |
| | | ઉપનેતા | નિશિ કામદાર |
| ચંદ્રમૌલિ | ( ભાઈઓ ) | નેતા | ઈશ શાહ |
| | | ઉપનેતા | વિશાલ શાહ |
| | ( બહેનો ) | નેતા | કાનન વૈદ્ય |
| | | ઉપનેતા | શિરાલી શાહ |
| પદ્મપુકુર | ( ભાઈઓ ) | નેતા | મુકેશ પૂજારા |
| | | ઉપનેતા | સૌમ્ય સ્માર્ટ |
| | ( બહેનો ) | નેતા | નિરાલી માસરવાલા |
| | | ઉપનેતા | માનસી શાહ |
| ગીતગોવિંદ | ( ભાઈઓ ) | નેતા | માલવ પરીખ |
| | | ઉપનેતા | કયવન શાહ |
| | ( બહેનો ) | નેતા | માનસી શાહ |
| | | ઉપનેતા | એકતા શાહ |

**ગુજરાતી સુલેખન સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| પ્રથમ: | મનન ગોસલિયા | પદ્મપુકુર |
| દ્વિતીય: | વૈભવ પુરાણી | મેઘદૂત |
| તૃતીય: | કુનુર શાહ | પદ્મપુકુર |

**અંગ્રેજી સુલેખન સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| પ્રથમ: | મનન ગોસલિયા | પદ્મપુકુર |
| દ્વિતીય: | પાર્થિવ પરીખ | મેઘદૂત |
| તૃતીય: | કુનુર શાહ | પદ્મપુકુર |

**વાર્તા સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| પ્રથમ: | કાનન વૈદ્ય | ચંદ્રમૌલિ |
| દ્વિતીય: | ઈશ શાહ | ચંદ્રમૌલિ |
| તૃતીય: | કુનુર શાહ | પદ્મપુકુર |

## અભિનંદન

**ચિત્ર :-** યંગ એન્વોયેઝ ઈન્ટરનેશનલ હૈદ્રાબાદ આયોજીત ગોલ્ડન જ્યુબિલિ ચાઈલ્ડ આર્ટ ફેસ્ટીવલમાં સ્વપ્નીલ શાહ , આરુષિ ત્રિવેદી સોનમ શાહ અને હર્ષિલ છપ્પન, ધારા દેસાઈ, વંદીત દેસાઈ અને હર્ષિલ આચાર્યને પ્રશંસાપત્ર અને સોનમને જ્યુરી ગીફટ મેળવવા બદલ અભિનંદન. આ જ સંસ્થાના નેશનલ ચાઈલ્ડ આર્ટ પેનોરમા ૧૯૯૬ માં ભટ્ટ અશ્વિની નિરવભાઈને જ્યુરી ગીફટ અને ડિપ્લોમા ઓફ ડિસ્ટીંકશન મળ્યાં છે.

લીટલ હેન્ડસ્ ઈન્ટરનેશનલ આર્ટ એકેડમી વિશાખાપટ્ટનમ્ આયોજીત ચિત્ર સ્પર્ધામાં શાહ પ્રતિક દિપકભાઈને રૌપ્યચંદ્રક મળ્યો છે.

અખિલ ગુજરાત ચિલ્ડ્રન આર્ટ કોમ્પિટીશનમાં શાહ આનલ આસિતભાઈ અને શાહ સોનમ અશોકભાઈને પુરસ્કાર મળ્યાં છે.

કોનાસીમાં ચિત્રકલા પરિષદ આયોજીત ચિત્ર સ્પર્ધામાં શાહ સોનમ અશોકભાઈને સુવર્ણચંદ્રક મળ્યો છે.

શંકર્સ ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ કોમ્પિટીશનમાં ક્રીશ્ના રાજેશ શાહને ઈનામ મેળવવા બદલ અભિનંદન.

**ચેસ :-**લાયોનેસ કલબ દ્વારા,ગુજરાત ચેસ એકેડમીના ઉપક્રમે યોજાયેલી ચેસ સ્પર્ધામાં અંડર-૮ માં પારેખ સાગર દ્વિતીય અને અંડર-૧૨ માં પારેખ નિરવ તૃતીય આવ્યાં છે.

અમદાવાદ ડિસ્ટ્રીકટ ચેસ એસોસીયેશન દ્વારા યોજાયેલ રેપીડ ચેસ ટુર્નામેન્ટમાં પારેખ નિરવે ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

તા.૧૮-૭-૯૭ થી ૨૦-૭-૯૭ દરમ્યાન ગુજરાત ચેસ અકાદમી તરફથી એલીસબ્રીજ જીમખાનામાં યોજાયેલ રસના કાર્નીવલ ચેસ ચેમ્પીયનશીપમાં જીલેશ ગાંધી દ્વિતીય આવ્યા છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી યોજાયેલ સીટી સ્પોર્ટસ્‌માં ચેસમાં જીલેશ ગાંધી ભાઈઓમાં દ્વિતીય આવ્યા છે.ગુજરાત સ્ટેટ ચેસ એસોસીયેશન તરફથી સ્પોર્ટસ કલબ ખાતે યોજાયેલ ચેસ ટુર્નામેન્ટમાં અંડર-૧૪ માં જીલેશ ગાંધી ૭ પોઈન્ટ સાથે જીતીને પ્રથમ રહ્યાં હતાં.

ચેન્નાઈ ખાતે યોજાયેલ સેકન્ડ નેશનલ રેપીડ ચેસ ચેમ્પીયનશીપમાં ચિ.જીલેશ ગાંધી અંડર-૧૪માં રમ્યાં હતા અને પહેલા પચ્ચીસમાં આવ્યાં છે.

ગુજરાત સ્ટેટમાં અન્ડર - ૮ બહેનોમાં ચિ. અનૂરી શાહે ચેમ્પીયન બની' સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા' સંચાલિત ' નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ સ્પોર્ટસ' તરફથી ' નેશનલ સ્પોર્ટસ ટેલેન્ટ સર્ચ ' સ્કોલરશીપ મેળવી છે. અમદાવાદ સીટી સ્પોર્ટસમાં ચેમ્પીયન બન્યા છે. અને અમદાવાદ ચેસ એકેડમી આયોજીત ચેસ સ્પર્ધામાં અ વિભાગમાં દ્વિતીય ઈનામ જીત્યાં છે.

**તરણ સ્પર્ધા :-** જલતરંગ કલબ આયોજીત તરણ સ્પર્ધામાં શાહ જયનાએ દ્વીતીય, શાહ સમ્યકે પ્રથમ અને શાહ આકાશે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

અમદાવાદ મિલીટરી એન્ડ રાઈફલ એસોસીએશન યોજીત તરણ સ્પર્ધામાં મિ.વરૂણે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

સ્પોર્ટસ કલબમાં યોજાયેલ તરણ સ્પર્ધામાં દલાલ વિશાલને તૃતીય ઈનામ મળ્યું છે.

**અન્યકલા :-** જલતરંગ કલબ આયોજીત ગરબા સ્પર્ધામાં શાહ વિધિને પ્રથમ ઈનામ મળ્યું છે.

રાજપથ કલબ આયોજીત ટેલન્ટ ઈવનીંગમાં છપ્પન હર્ષિલને ફેન્સી ડ્રેસ તથા મિમિક્રીમાં પ્રથમ તથા છપ્પન જીગરને કંઠયસંગીતમાં પ્રથમ,મીમીક્રીમાં દ્વિતીય તથા ફેન્સી ડ્રેસમાં ત્રીજું ઈનામ મળ્યું છે.

**સ્કેટીંગ :-** રાજપથ કલબ આયોજીત સ્કેટીંગ સ્પર્ધામાં છપ્પન જીગરને ડ્રીંક રેસમાં પ્રથમ તથા રીંક રેસમાં ત્રીજું ઈનામ મળ્યું છે.

**કોમ્પ્યુટર વર્ગો:-** તા.૭-૭-૯૭ થી ધોરણ ૫, ૬, ૭ નાં કોમ્પ્યુટરના વર્ગો નિયમીત રીતે શરૂ થઈ ગયાં છે. વિદ્યાર્થીઓ તેમાં ઉત્સાહથી કામ કરી રહ્યાં છે.

**મલ્ટીકોર્સ તથાં ફોટોગ્રાફીનાં વર્ગો :-**

ઓગષ્ટ માસથી પર્સનાલીટી ડેવલપમેન્ટ કોર્સ ફોર લેડીઝ અને ફોટોગ્રાફીના વર્ગો શરૂ થનાર છે, રસ ધરાવનારે ઓફિસમાંથી માહિતી મેળવી લેવી.

## સંસ્થાનું ગૌરવ

ચિ. શર્વિલ ટંકશાળીને સેન્ટર ફોર કલ્ચરલ રીસોર્સીસ એન્ડ ટ્રેઈનીંગ ન્યુ દિલ્હી તરફથી ચિત્રકલા માટે સ્કોલરશીપ મળેલ છે. ખૂબ જ જૂજ અને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને મળતી આ પ્રતિષ્ઠિત સ્કોલરશીપ તેને ગ્રેજ્યુએટ થતાં સુધી મળશે એ માટે સંસ્થા ગૌરવ અનુભવે છે અને ચિ. શર્વિલને અભિનંદન આપી બિરદાવે છે.

**ગણવેશ :** શાળાએ નક્કી કર્યા મુજબનો ગણવેશ સફેદ મોજાં અને કેનવાસનાં બુટ બધાં જ દીવસો માટે અનિવાર્ય છે.

**સૂચના :** આપના પાલ્ય અંગે શાળામાં મળવા માટેનો સમય ૩-૦૦ થી ૪-૦૦નો છે, પ્રથમ ઓફિસનો સંપર્ક કર્યા પછી જ જે તે વિભાગનાં આચાર્યને મળવું.

**શ્રધ્ધાંજલિ**

શારદામંદિર શિશુમંદિરની વિદ્યાર્થિની બેન પ્રિયંકા અનીલભાઈ શાહનું તા.૨૨-૬-૯૭ નાં રોજ આકસ્મિક અવસાન થયું છે તેની નોંધ લેતાં ભારે દુઃખની લાગણી અનુભવું છું. ઈશ્વર સદ્ગતના આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.

તંત્રી, મુદ્રક, પ્રકાશકઃ **દિનુભાઈ દવે**, આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.

EMAIL: shaarad@ad1.vsnl.net.in